**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૬ ડીગ્રી
લઘુતમ : ૧૯.૭ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૪૯ ટકા

# ઘઉં-ચોખા મોંઘાદાટ થતા ગૃહિણીઓનું રસોડાનું બજેટ ખોરવાયું

## ઘઉં અને ચોખા બંનેનું ઉત્પાદન ગત વર્ષના સ્તરથી ઓછું રહ્યુ છે જેથી ભાવ માં ઉછાળો નોંધાયો છે

ગાંધીનગર, તા. ૧૬

ખાદ્ય મોંઘવારી દરમાં ભલે ઘટાડો થયો પણ મુખ્ય અનાજનો રીટેઈલ મોંઘવારી દર ઘટવાનું નામ નથી લેતો. ખરાબ મોસમના કારણે આ અનાજોનું ઉત્પાદન ઘટયું છે જેના કારણે આમ થઈ રહ્યુ છે. નવેમ્બરમાં મેઈન અનાજનો મોંઘવારી દર ઓકટોબર મહિનાના ૧૨.૮ ટકાથી વધીને ૧૨.૯૬ ટકા થઈ ગયો. સમગ્ર મોંઘવારી દર ૧૧ મહિનામાં પહેલીવાર ભારતીય રીઝર્વ બેંકના ૬ ટકાના લક્ષ્યની અંદર આવ્યો છે ત્યારે પણ આ સ્થિતિ છે.ખાદ્ય મોંઘવારી દર પણ ૧૧ મહિનાના સૌથી નીચા સ્તર ૪.૬૭ ટકા પર આવી ગયો છે.ઘઉંનો છૂટક મોંઘવારી દર ઓકટોબરના ૧૭.૬૪ ટકાથી વધીને નવેમ્બરમાં ૧૯.૬૭ ટકા થઈ ગયો. વર્ષની શરૂઆતમાં તે ફકત ૫.૧ ટકા હતો અને ચાલુ નાણાકીય વર્ષની શરૂઆતમાં તે વધીને ૯.૫૯ ટકા થયો હતો. એ વખતની સરખામણીમાં એ નવેમ્બરમાં ડબલથી પણ વધારે થઈ ગયો છે. અન્ય એક મુખ્ય અનાજ ચોખાનો મોંઘવારી દર ઓકટોબરના ૧૦.૨૧ ટકાથી વધીને નવેમ્બરમાં ૧૦.૫૧ ટકા થયો છે. જાન્યુઆરીમાં તે માત્ર ૨.૮ ટકા અને એપ્રિલમાં ૩.૯૬ ટકા હતો. ઘઉં અને ચોખા બંનેનું ઉત્પાદન ગત વર્ષના સ્તરથી ઓછું રહ્યુ છે પણ ઓફીશ્યલ રીતે જાહેર અને ખાનગી વેપારીઓની ગણત્રી વચ્ચે ઘટાડાની મર્યાદા અલગ અલગ છે. બંને મુખ્ય અનાજોના ઉત્પાદનમાં પ્રતિકૂળ મોસમના કારણે ઘટાડો થયાનું વર્તમાન સમયમાં બહુ ઓછું જોવા મળ્યુ છે. ૨૦૨૨માં રવી પાકની કાપણી સમયે અચાનક ગરમી વધી જવાથી ઘઉંનું ઉત્પાદન ઘટી ગયુ હતું. તો પૂર્વ ભારતના મુખ્ય ઉત્પાદક રાજયો બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને યુપીમાં દુકાળ અને ઓછા વરસાદના કારણે ગત ખરીફ સીઝનમાં ચોખાનું ઉત?પાદન ઘટયુ હતું.





આ વર્ષની રવી સીઝનમાં ઘઉંનું ઉત્પાદન ૧૦.૬૪ કરોડ અંદાજવામાં આવ્યુ છે, જે ગયા વર્ષના ઉત્પાદનથી ૩૮ લાખ ટન ઓછુ છે કેમ કે મુખ્ય ફસલ ઉગવાના તબક્કામાં ગરમીની લહેરના કારણે ઉત્પાદન ઘટયુ છે. ઉત્પાદનમાં ઘટાડાના કારણે ઘરેલુ બજારમાં ભાવોમાં તેજી આવી છે.

યુક્રેન યુધ્ધના કારણે વૈશ્વિક બજારોમાં ઘઉંની ભારે અછતના કારણે પણ ભાવો વધ્યા છે. આવી જ રીતે ચોખામાં પણ ખરાબ મોસમે પોતાનો ખેલ બતાવ્યો અને પૂર્વ ભારતમાં દુકાળે ચોખાનું ઉત્પાદન ઘટાડયું છે. પહેલા પ્રાથમિક અંદાજ અનુસાર, હાલમાં પુરી થયેલ ખરીફ પાક ની મોસમમાં ચોખાનું ઉત્પાદન ૧૦.૪૯ કરોડ ટન રહેવાની આશા છે જે ગત વર્ષની સરખામણીમાં ૬.૦૫ ટકા ઓછુ રહેશે.આમ,ઘઉં અને ચોખા ના ભાવ વધવાથી ગૃહિણીઓનું રસોડાનું બજેટ ખોરવાયું છે.

# રોટરી કલબ દ્વારા રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસની ઊજવણી



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર રોટરી કલબ દ્વારા તા. ૧૪ ડિસેમ્બર ના રોજ "રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ" ની ઉજવણીનો કાયક્રમ આયોજન કરવામા આવ્યો હતો. જે અંતર્ગત નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટરના નિયામક ડો અનિલ પટેલ દ્વારા " ઊર્જા સંરક્ષણની મહત્વતા " વિષય પર વયાખ્યાન આયોજન યુનિક વિદ્યા સંકુલ શાળા ખાતે કરવામા આવ્યું. આ કાર્યક્રમ માં શાળાના ૬૦થી વધુ વિધાર્થીઓએ ભાગ લીધો હતો. શ્રી અનિલ પટેલ દ્વારા ખૂબ જ સરળ શૈલીમાં ઊર્જાનું સંરક્ષણ દ્વારા પર્યાવરણનું જતન કરી શકાય છે તે વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. રોટરી કલબના પ્રમખ જગદીશ પટેલ અને સેક્રેટરી પારસ ઉચાટ દ્વારા વક્તા શ્રી ડો. અનિલ પટેલ સાહેબ અને યુનિક વિદ્યા સંકુલ શાળાના ડાયરેક્ટરશ્રી નીતિનભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સોનીપુર પ્રા. શાળાના વિદ્યાર્થીઓ સાયન્સ સીટીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત સાયન્સ સીટી અમદાવાદ, ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર તથા જિલ્લા વિજ્ઞાનકેન્દ્ર નિસર્ગ સાયન્સ સેન્ટરના સહયોગથી સોનીપુર પ્રા. શાળાની નિઃશુલ્ક મુલાકાત ગોઠવવામાં આવી હતી. શાળાના બાળકોને સાયન્સ સીટી લઈ જવા અને લાવવા માટે બસની વ્યવસ્થા પણ સાયન્સ સેન્ટર દ્વારા ગોઠવવામાં આવી હતી.



બાળકોએ નેચરલ પાર્ક, રોબોટિક ગેલેરી, એક્વેટીક ગેલેરીમાં ખુબ જ આનંદ અને ઉત્સાહ સાથે જ્ઞાન મેળવ્યુ હતુ. અર્થ વિભાગ અને સાયન્સ હોલની મુલાકાત લીધી. સ્પેશયાનમાં બાળકોને અવકાશી સફર કર્યાનો અનુભવ થયો હતો. આનંદ અને ઉત્સાહ સાથે બાળકોએ સાયન્સ સીટીનો પ્રવાસ પૂર્ણ કર્યો હતો.

# બીબીએ, બીસીએ અને બી.કોમ કોલેજ દ્વારા આયોજિત મેગા ઈવેન્ટનો ઈનામ વિતરણ સમારોહ





ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશન,બી.પી.કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ ,એસ.વી. ઈન્સ્ટીટ્યુટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ અને અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૨૩,ગાંધીનગર કેમ્પસ ખાતે તા. ૧૩,૧૪,૧૫ ડીસેમ્બર ૨૦૨૨ના રોજ "મેગ્નેટ" "આઈ.ટી. ફેર" "કોમર્સ ડે" તથા "આંત્રપેન્યોર ફિએસ્ટા" નું ભવ્ય આયોજન સવારે ૮:૩૦ થી ૩:૩૦ દરમ્યાન હાથ ધરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (ગાંધીનગર અને કડી)ના ચેરમેન તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય ના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવા પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ સાહેબે મેગ્નેટ, આઈ.ટી. ફેર ,કોમર્સ ડે તથા આંત્રપેન્યોર ફિએસ્ટા દરેક ઈવેન્ટના એક્ઝીબીશનમાં વિઝીટ કરી વિદ્યાર્થીઓની વિચારશક્તિ, તર્કશકિત અને સર્જનાત્મક શક્તિનો વિકાસ રૂબરૂ નિહાળ્યો હતો. તા. ૧૩,૧૪,૧૫ ડીસેમ્બર ૨૦૨૨ ના રોજ આઈના, અક્સ તથા યાહૂમાં હાયર સેકન્ડરીની ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારના ૬૬ શાળાઓના ૫૭૦૦ વિદ્યાર્થીઓએ જુદી-જુદી ૧૯ સ્પર્ધાઓમાં તેમના ૨૨૪ શિક્ષકો અને આચાર્યશ્રીઓ સાથે ભાગ લીધો હતો. આ ત્રણ દિવસ દરમ્યાન મેગ્નેટના ૨૦ એકઝીબીશનમાં ૧૨૪ વિદ્યાર્થીઓ, આઈટી ફેરના ૧૦ એકઝીબીશન માં ૧૬૦ વિદ્યાર્થીઓ, કોમર્સ ડેના ૧૦ એકઝીબીશન માં ૧૦૬ વિદ્યાર્થીઓ અને આંત્રપેન્યોર ફિએસ્ટાના ૩૮ એક્ઝીબીશન માં ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનવ્યો હતો.તદુપરાંત ૧૯ સ્પર્ધાઓમાંથી વિજેતા શોધવા માટે ૨૫ નિર્ણાયકો ને તેમની નિપુણતા મુજબ આમંત્રિત કરવામાં આવ્યા હતા.જયારે "મેગ્નેટ" "આઈ.ટી. ફેર" "કોમર્સ ડે" તથા "આંત્રપેન્યોર ફિએસ્ટા" માટે ૨૦ નિર્ણાયકો ને આમંત્રિત કરવામાં આવ્યા હતા.જયારે ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમ માં વિજેતા ને તથા રનર્સ અપ ને ૭૪ ટ્રોફી આપવામાં આવી હતી અને ૧૮૦૦ સર્ટીફીકેટ ભાગ લેનારા વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા. આ કાર્યકર્મ આયોજિત કરનાર તમામ સંસ્થાઓના આચાર્યો દ્વારા મુલાકાતી શાળાઓના શિક્ષકો તથા આચાર્યશ્રીઓ સાથે મુલાકાત લઈ આ પ્રોગ્રામના અભિગમ વિષે વિસ્તૃત રૂપે માહિતી આપવામાં આવી હતી. બીબીએ બીસીએ અને બીકોમના વિદ્યાર્થીઓ તેમજ શાળા માંથી આવેલ વિદ્યાર્થીઓમાં ઉપરોક્ત ઈવેન્ટ્સ બાબતે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ઉપરોક્ત કાર્યક્રમ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (ગાંધીનગર અને કડી )ના ચેરમેન તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય ના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલના માર્ગદર્શન હેઠળ આચાર્યશ્રીઓ, પ્રોગ્રામ-કોઓર્ડીનેટરશ્રીઓ, અધ્યાપકગણ, નોન-ટીચિંગ સ્ટાફ, વિદ્યાર્થીઓ અને સહાયક કર્મચારીઓના સહકારથી કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવા પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ સાહેબે મેગ્નેટ, આઈ.ટી. ફેર ,કોમર્સ ડે તથા આંત્રપેન્યોર ફિએસ્ટા દરેક ઈવેન્ટના વિજેતાઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવી છે.

# સરસ્વતી વિદ્યાલય ખાતે મોટીવેશનલ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૬

સેકટર-૬માં સરસ્વતી વિદ્યાલયમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને મોટીવેશનલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાની તૈયારી અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓ પરીક્ષાની ચિંતા નહિ પણ ચિંતન કરે અને આયોજનબદ્ધ તૈયારી કરે તો પરીક્ષામાં સફળતા મેળવી શકે. વિવિધ દૃષ્ટાંતોની રજૂઆત કરીને તેમણે મહેનત કરનારને સફળતા મળે છે તેવો વિચાર વિદ્યાર્થીઓના મગજમાં અંકુરિત કર્યો હતો. વિદ્યાર્થીઓ મહેનત કરવા પ્રેરાય અને સફલતા મેળવે તેવું આચાર્યશ્રીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું. અંતે વિદ્યાર્થીઓને શુભાષિશ આપીને કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

# સેક્ટર-૨ સરકારી પ્રાથમિક શાળામાં ઉદગમ ટ્રસ્ટ દ્વારા બાળકોને ગરમ સ્વેટરનું વિતરણ





ગાંધીનગર, તા. ૧૬

સેકટર -૨ સરકારી પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓ ને ગરમ સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતુ. ઉદગમ ટ્રસ્ટ નાં પ્રમુખ ના જન્મ દિવસે કાયૅક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ગાંધીનગર શહેર ના ધારાસભ્ય રીટાબેન પટેલ,પુર્વે મંત્રી બ્રિજેશ ભાઈ મીરઝા,કોર્પોરેટરો, શાસનાધિકારીઓ, સેક્ટર -૨ વસાહત મંડળ ના પ્રમુખ રાજેન્દ્ર પારેખ, સેક્ટર ના સીનીયર આગેવાનો, ઉદગમ ટ્રસ્ટ નાં કાયૅકરો ઉપસ્થિત રહ્યા હતા.

# જીઈબી પ્રાથમિક શાળા ખાતે ઉર્જા સંરક્ષણ સપ્તાહની ઊજવણી





ગાંધીનગર, તા. ૧૬

ઉત્તર ગુજરાત વીજ કંપનીના નાયબ અધિક્ષક જલ્પાબેન ગજ્જર અને જુ.આસી. હિમાદ્રીબેન શ્રીમાળી દ્વારા 'ઉર્જા સંરક્ષણ સપ્તાહ' અંતર્ગત ધોરણ ૬ અને ૮ ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૫૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. અનુક્રમે ત્રણ શ્રેષ્ઠ ચિત્રોને ઈનામ આપ્યા હતા. રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ એડોલેશન ફ્રેન્ડલી હેલ્થ કલીનીક RBSK ટીમ પાલજ અર્બન હેલ્થ સેન્ટરના ડૉ. બ્રિજેશભાઈ પટેલ દ્વારા કિશોરીઓ વચ્ચે મહેંદી હરિફાઈ યોજવામાં આવી હતી. જેમાં બાલિકાઓએ ભાગ લીધો હતો. જેમાં દરેકને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય દિપ્તી વસાવડાએ બંને ટીમના સભ્યોનો આભાર માન્યો હતો.

# અસ્મિતા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા તલાટીની પરીક્ષાના વર્ગો શરૂ

ગાંધીનગર, તા. ૧૬

અસ્મિતા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા આગામી તલાટીની પરીક્ષા માટેના વર્ગો સોમ થી શુક્ર, સાંજે ૬ થી ૮ દરમિયાન સંસ્થાના કાર્યાલય પ્લોટ નં. ૨/બી, સેક્ટર-૨/એ ખાતે શરૂ કરવામાં આવેલ છે. અરજી કરેલ યુવામિત્રોએ કાર્યાલય ખાતે ડૉ. ભાસ્કર શુકલ મો. ૯૪૨૬૫૨૫૦૪૫ ને રૂબરૂ મલવુ.

સેન્ટ્રલ સ્કૂલ, ભારત સરકાર દ્વારા ૧૩૪૦૪ ટીચીંગ-નોન ટીચીંગ પોસ્ટ માટે અરજી કરનાર યુવા મિત્રોએ ટ્રેઈનીંગ વર્કશોપ માટે સંસ્થાનો સંપર્ક કરવો.

તલાટીની પરીક્ષા આપનાર એસસી, એસટી યુવાનોને નજીવા દરે સાહિત્ય પુરૂ પાડવામાં આવશે.

# જન્મદિને વધામણી



બાબુલનાથ દવે




રાકેશ આર કડવાતર



તનુશ્રીબા અજયસિંહ ડાભી



વિજયકુમાર પટેલ



મહેન્દ્ર ચૌહાણ



ઠાકોર નિકુંજ દિલીપભાઈ
મો. ૯૮૭૯૮ ૧૮૦૮૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

-સંપાદક

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પરમાર વિનુબેન મગનભાઈ ઉ.વ.૬૦, સેક્ટર-૨૨
- બિહોલા જગદીશભાઈ રતુજી, ઉ.વ. ૪૯ નવા પાલજ
- ગાયકવાડ સુલોચના નારાયણરાવ, ઉ.વ. ૭૦, સેક્ટર-૨૨
- વસાવા ભીખાભાઈ મોહનદાસ, ઉ.વ. ૯૦, ધણીયોલ